નામ.હાઇકોર્ટ મેટર
ટોચઅગ્રતા

ક્રમાંક:MIS/65/2018/F-II(પાર્ટ ફાઇલ)
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૭/૨૦૧૮

પ્રતિ,
૧. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ
૨. સર્વે જિલ્લા કલેક્ટરશ્રી

વિષયઃ ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણી બાબતે સમિતિએ કરવાની કાર્યવાહી અંગે – મેડીકલ પ્રવેશના બીજા તબક્કાની કામગીરી બાબત.

સંદર્ભ:-(૧) ગૃહ વિભાગનો તા.૦૬/૦૭/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) ગૃહ વિભાગનો તા.૧૩/૦૭/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૫/૦૭/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃએમસીજી/૧૦૧૮/સી.સી.૫૪/જ

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય સંબંધે જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા રચાયેલ એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજયુએટ/પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ એજ્યુકેશન કોર્સીસના ચેરમેનની રજૂઆત મુજબ પ્રવેશ સમિતિ દ્વારા મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમીયોપેથીક એન નેચરોપથી પ્રવેશ માટે વર્ષ ૨૦૧૮થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૦૪/૦૫/૨૦૧૮ના સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિદ્યાર્થી ગુજરાત રાજ્યનો ડોમીસાઇલ હોય તેને જ પ્રવેશ આપવા સંદર્ભમાં નામ.ગુજરાત હાઇકોર્ટમાં થયેલ પીટીશનમાં તા.૨૫/૦૬/૨૦૧૮ના હુકમથી નામ.ગુજરાત હાઇકોર્ટે આરોગ્ય વિભાગનો ડોમીસાઇલ વિદ્યાર્થીનો નિયમ યોગ્ય ઠરાવેલ છે. પ્રવેશ સમિતિ દ્વારા તમામ વિદ્યાર્થીઓ કે જેઓએ ડોમીસાઇલ સર્ટીફીકેટ સાથે અરજી કરેલ છે, તેનો સમાવેશ મેરીટ લીસ્ટમાં પ્રવેશ આપવા માટે કરેલ છે. નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે. સિવિલ એપ્લી.નં.૧૦૧૬૪/૨૦૧૮ સંદર્ભે ડોમીસાઇલ સર્ટીફીકેટ અપાયેલ છે તે સર્ટીફીકેટના વેરીફીકેશનની કાર્યવાહી એડમીશન પ્રક્રિયાની સાથે સાથે કરવા અને આ બાબતે પ્રવેશ સમિતિ ખાતે અરજી કરેલ વિદ્યાર્થીઓના ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી માટે સંદર્ભ ક્રમાંક-૧માં દર્શાવેલ આ વિભાગના તા.૦૬/૦૭/૨૦૧૮ના ઠરાવથી,-

(૧) પોલીસ કમિશનર, અમદાવાદ શહેર સિવાયના અન્ય તમામ વિસ્તારો માટે અને

(૨) પોલીસ કમિશનર, અમદાવાદ શહેર વિસ્તાર માટે સમિતિની રચના અને સમિતિએ કરવાની થતી કાર્યવાહીનો હુકમ કરેલ છે. ત્યારબાદ સંદર્ભ ક્રમાંક-રમાં દર્શાવેલ આ વિભાગના તા.૧૩/૦૭/૨૦૧૮ના ઠરાવથી આ સમિતિઓમાં સભ્ય સચિવની નિમણૂક અને તેઓએ કરવાની થતી કામગીરીની સૂચના પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. હવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે સંદર્ભ ક્રમાંકઃ૩માં દર્શાવેલ તા.૨૫/૦૭/૨૦૧૮ના પત્રથી મેડીકલ પ્રવેશના બીજા તબક્કાના ૫૦૦૦ વિદ્યાર્થીઓના ડોમીસાઇલ સર્ટીફીકેટ નામ.ગુજરાત હાઇકોર્ટની સૂચના મુજબ ઉક્ત સમિતિઓ મારફત ચકાસણી કરાવવા માટે અને આ ૫૦૦૦ વિદ્યાર્થીઓના ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી તા.૦૭/૦૮/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરાવવાની કાર્યવાહી કરવા માટે જણાવેલ છે, તે ધ્યાને લઇને **આ વિભાગના તા.૦૬/૦૭/૨૦૧૮ અને તા.૧૩/૦૭/૨૦૧૮ના ઉક્ત સંદર્ભમાં દર્શાવેલ ઠરાવોની સૂચનાઓ ધ્યાને લઇ તેમજ ડોમીસાઇલ સર્ટીફીકેટની મંજુરી આપવાના તબક્કા સુધીની કાર્યવાહી યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે અંગેના જરૂરી આધાર પુરાવા સહિતની તમામ**

બાબતોની પણ ચકાસણી કરીને મેડીકલ પ્રવેશના બીજા તબક્કાના આશરે ૫૦૦૦ વિદ્યાર્થીઓના ડોમીસાઇલ સર્ટીફીકેટ ચકાસણીની કામગીરી ઉક્ત સમિતિઓએ તા.૦૭/૦૮/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરી, તે અંગેની VERIFIED FINAL યાદી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમીટીને તા.૦૯/૦૮/૨૦૧૮ સુધીમાં રજૂ કરવાની રહેશે.

૨. બીજા તબક્કાના ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરીની રોજે રોજની વિગતો સમિતિના સભ્ય સચિવશ્રીએ સામેલ પત્રક મુજબ (PDF FORMATમાં) પછીના દિવસે બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં એડમીશન કમીટીના ઇ મેઇલ (૧) medadmgujarat@gmail.com (૨) drjigneshchauhan@yahoo.com તેમજ આ વિભાગના ઇ મેઇલ us-tcnt-home@gujarat.gov.in ઉપર અચૂક મોકલી આપવાની કાર્યવાહી થાય તે જોવા પણ વિનંતી છે.

બિડાણઃ- ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(ગુંજન વ્હોરા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

નકલ રવાનાઃ-

૧.અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨.અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩.ચેરમેનશ્રી, કોરકમિટી, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન કોર્સીસ, GMERS મેડીકલ કોલેજ, સેક્ટર-૧૨, ગાંધીનગર.

૪. સરકારી વકીલશ્રી, નામ.ગુજરાત હાઇકોર્ટ, કાયદા ભવન, સોલા, અમદાવાદ

# ગૃહ વિભાગ

## ડોમીસાઇલ સર્ટીફીકટની કરેલ ચકાસણીની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લા/વિસ્તારનું નામ | ચકાસણી માટેના કુલ ડોમીસાઇલ સર્ટી.ની સંખ્યા | ચકાસણી માટે ગેરહાજર રહેલ કુલ ઉમેદવારોની સંખ્યા | ચકાસણી કરેલ ડોમીસાઇલ સર્ટી.ની સંખ્યા | | કુલ (૫+ ૬) | અમાન્ય રહેલ ડોમીસાઇલ સર્ટીફીકેટના કારણો સાથેની વિગત (આધાર પુરાવા સાથે) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | માન્ય રહેલ ડોમીસાઇલ સર્ટી.ની કુલ સંખ્યા | અમાન્ય રહેલ ડોમીસાઇલ સર્ટી.ની કુલ સંખ્યા | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | વડોદરા | | | | | | |
| ૨ | મહીસાગર (લુણાવાડા) | | | | | | |
| ૩ | જામનગર | | | | | | |
| ૪ | આહવા-ડાંગ | | | | | | |
| ૫ | પાટણ | | | | | | |
| ૬ | મોરબી | | | | | | |
| ૭ | જુનાગઢ | | | | | | |
| ૮ | અમદાવાદ ગ્રામ્ય | | | | | | |
| ૯ | છોટાઉદેપુર | | | | | | |
| ૧૦ | વલસાડ | | | | | | |
| ૧૧ | કચ્છ | | | | | | |
| ૧૨ | બનાસકાંઠા | | | | | | |
| ૧૩ | મહેસાણા | | | | | | |
| ૧૪ | સાબરકાંઠા | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ગાંધીનગર | | | | | | |
| ૧૬ | સુરેન્દ્રનગર | | | | | | |
| ૧૭ | રાજકોટ | | | | | | |
| ૧૮ | પોરબંદર | | | | | | |
| ૧૯ | અમરેલી | | | | | | |
| ૨૦ | ભાવનગર | | | | | | |
| ૨૧ | આણંદ | | | | | | |
| ૨૨ | ખેડા | | | | | | |
| ૨૩ | પંચમહાલ | | | | | | |
| ૨૪ | દાહોદ | | | | | | |
| ૨૫ | નર્મદા | | | | | | |
| ૨૬ | ભરૂચ | | | | | | |
| ૨૭ | સુરત | | | | | | |
| ૨૮ | નવસારી | | | | | | |
| ૨૯ | તાપી | | | | | | |
| ૩૦ | દેવભુમી દ્વારકા | | | | | | |
| ૩૧ | ગીર સોમનાથ | | | | | | |
| ૩૨ | બોટાદ | | | | | | |
| ૩૩ | અરવલ્લી - મોડાસા | | | | | | |
| ૩૪ | અમદાવાદ શહેર (પોલીસ કમિશનર વિસ્તાર) | | | | | | |
| | કુલ | | | | | | |